## @ગાંધીનગર

● માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશન દ્વારા સવારના ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન ઘ-૪ના સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.


● સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા બપોરના ૧.૦૦ કલાકે બાલ ચિત્ર સ્પર્ધા અને ૩.૦૦ કલાકે ઈનામ વિતરણનો કાર્યક્રમ સે-૨૩ ખીમજી વિસરામ હોલ ખાતે યોજાશે.

# સંત સરોવર માછીમારી માટે હોટસ્પોટ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં નવા નીરની આવક થતા નદીની રોનક બદલાઈ ગઈ છે. નવા નીરની સાથો સાથ માછલીઓ પણ મોટી સંખ્યામાં આવતા માછીમારી માટે અત્યારે હાલ ઈન્દ્રોડાનો પટ હોટ ફેવરીટ બન્યો છે. અમદાવાદ-ગાંધીનગરના ૩૫ થી વધુ માછીમારો સવારથી સાંજ સુધી અધધ માછલીઓ પકડીને ત્યાં જ વેપાર કરે છે. અત્યારે હાલ તો સાબરમતી નદીના પટ મત્સ્ય કેન્દ્ર બન્યું હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

ચોમાસાની સિઝનમાં ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે ધરોઈ ડેમ ઓવરફલો થવા પામ્યો છે. ધરોઈમાંથી સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવતા નદીમાં નવા નીરની આવક થવા પામી છે. વર્ષ દરમિયાન પાણી વિનાની સુકી રહેતી નદીમાં પાણી આવતા રોનક બદલાઈ ગઈ છે. સાબરમતી નદીનું પાણી શહેર નજીક સંગ્રહ કરવા માટે તંત્ર દ્વારા સંત સરોવર બનાવ્યું છે. પાણીના આવકને અનુલક્ષી આ સંત સરોવરના પણ કેટલાક દરવાજા ખોલી નાંખવામાં આવે છે. જેથી સાબરમતી નદીમાં અત્યારે હાલ પાણી હોવાથી સહેલાણીઓ મોટીમાત્રામાં આવતા હોવાથી અનેરો



માહોલ નદીપટ વિસ્તારમાં જામે છે. જયારે ધરોઈમાંથી પાણી ની સાથે મોટીસંખ્યામાં માછલી પણ સાબરમતી નદીમાં આવી ગઈ છે. શહેર તેમજ આસપાસના વિસ્તારમાં રહેતા ૩૫ થી વધુ માછીમારો સવારથી જ ઈન્દ્રોડા ગામ ખાતે આવેલ નદીના પટમાં આવી પહોંચે છે. માછીમારોએ સાંજ સુધીમાં પકડેલી માછલીઓનો પણ અહી જ વેપાર થતો હોવાથી મચ્છી ખાવાના શોખીનોના આંટાફેરા પણ આ વિસ્તારમાં વધી ગયા છે. નદીમાંથી અડધો ડઝન જેટલી જાતની માછલી માછીમારોના હાથમાં આવે છે. આ માછીમારો ઉચ્ચક રૂ.૮૦ થી લઈને રૂ.૨૦૦ સુધીમાં માછલીનું વેચાણ કરતા હોવાથી આ વિસ્તાર મત્સ્ય કેન્દ્ર તરીકે ઉપસી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. જેથી આ વિસ્તારમાં એક રોજગારીની તક પણ ઉભી થઈ હોય તેવું લાગી રહ્યું છે.

## વાતવાતમાં

● શહેરમાં ગણેશોત્સવના આયોજકોએ પોતાના કાર્યક્રમો અંગે પ્રચાર પ્રસાર જોરશોરથી કરવા માંડયો છે. દરેક આયોજકોએ સવારના અખબાર સાથે શહેરીજનોને જાહેર નિમંત્રણના કાર્ડ જેમાં તમામ કાર્યક્રમની વિગત હોય તે મોકલી આપ્યા છે.

● ગાંધીનગર જિલ્લામાં એક જ દિવસમાં બે જગ્યાએ સર્પદંશના બનાવો બન્યા હતા. ચોમાસાની સીઝનના પગલે કલોલ તથા દહેગામ તાલુકામાં ખેતરમાં કામ કરતા ખેડૂતો સાથે સર્પદંશની ઘટનાઓ બનવા પામી હતી.

● મહાત્મા મંદિરે યોજાયેલા કૃષિ ઉત્પાદનો લક્ષી પ્રદર્શનમાં બીજા દિવસે પણ રાજયભરમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટી પડયા હતા. અનેક ખેડૂતો તેમની સાથે પોતાના બાળકોને લાવી નવી પેઢીને ખેતીના અદ્યતન સાધનો બતાવી માહિતી મેળવતા નજરે ચઢયા હતા.

● રવિવારે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે નરોડાના કચ્છી પાટીદાર સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાનાર છે. આ સમારંભમાં સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન પણ કરવામાં આવનાર છે.

# ચોરીના પાંચ બાઈકો સાથે ત્રણની ધરપકડ

ગાંધીનગર, તા.૩

જિલ્લામાં વધેલી વાહનચોરીને પગલે ભુતકાળમાં પકડાયેલા વાહનચોરીના આરોપીઓ પર એસ.પી.ની સુચનાથી એલસીબી નજર રાખી રહી છે ત્યારે ગઈ કાલે ગુનાહીત ઈતિહાસ ધરાવતા એક શખ્સ સહિત ત્રણને પકડી ઈન્ટ્રોગેશન કરતા પાંચ વાહન ચોરીના ભેદ ઉકેલાયા છે. સવા લાખની કિંમતના પાંચ ચોરાઉ બાઈક રીકવર કરીને એલસીબીની ટીમે વધુ પુછપરછ શરુ કરી છે.



ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસીબી પીઆઈ આશુતોષ પરમારની ટીમના પીએસઆઈ કૃણાલ પટેલ તથા સ્ટાફ ભુતકાળમાં પકડાયેલા વાહનચોરો પર વોચ રાખી રહ્યા હતા. દરમિયાન સિધ્ધપુરના અર્જુન વિનુભા ઝાલા નામના શખ્સ સહિત દેત્રોજના કલ્પેશ ઉર્ફે જગો રામસંગ ઠાકોર અને અદિતસંગ ઉર્ફે ગટો નરસિંહ ઠાકોર મળીને ત્રણ શખ્સોને ચોરીના સ્પ્લેન્ડર બાઈક નં. જીજે ૨ બીસી ૭૯૧૯ સાથે એલસીબીની ટીમે પકડી પાડયા હતા. આ બાઈક અંગે પુછતાછ કરતા કલ્પેશ ઉર્ફે જગા ઠાકોરે બેચરાજી પાસેથી એકાદ માસ પહેલા આ બાઈક ચોર્યું હોવાનું તથા ત્યાર બાદ નંબર પ્લેટ બદલીને ત્રણેય ફેરવતા હોવાનું ખુલ્યું છે. તે ઉપરાંત જગા ઠાકોરે આ સિવાય બીજા બે ડીસ્કવર બાઈક બેચરાજી વિસ્તારમાંથી, એક ડીસ્કવર બાઈક દેત્રોજમાંથી અને ગોતા પાસેથી પણ એકાદ વર્ષ પહેલા એક ડીસ્કવર બાઈક ચોરી કર્યા હતા. પાંચેય ચોરીન બાઈક રીકવર કરી ત્રણેય આરોપીની ઉંડી પુછપરછ હાથ ધરવામાં આવી છે. પકડાયેલા આરોપીઓ પૈકી અર્જુન ઝાલા અગાઉ સે-૨૧ પોલીસ સ્ટેશનમાં વાહનચોરીના ગુનામાં અને દેત્રોજ પોલીસ સ્ટેશનમાં કોમ્પ્યુટર ચોરીના ગુનામાં પકડાયેલો હોવાનું જાણવા મળ્યું છે.

## ત્રિ-મંદિરના પાર્કિંગમાંથી મારૂતી ઝેનની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર નજીક આવેલા અડાલજ ત્રિમંદિર ખાતે દર્શને આવેલા દર્શનાર્થી શાંતિભાઈ ખીમજીભાઈ માલીની મારૂતિ ઝેન ગાડી પાર્કીંગમાંથી ચોરાઈ જવા પામી હતી. રાજકોટથી તાજેતરમાં જ અમદાવાદ શિફટ થયેલા શાંતિભાઈ ગઈ ૨૧ તારીખે ત્રિમંદિર દર્શન કરવા ગયા હતા. બપોરે પોણા ચારથી સાંજે સાત વાગ્યાના અરસામાં તેમની ઝેન ગાડી નં. જીજે ૧ પીપી ૭૦૮૧ની ચોરી કરી વાહનચોર ફરાર થઈ ગયો હતો. ગાડીના ડોકયુમેન્ટસ રાજકોટ પડયા હોવાથી ત્યાંથી લઈ આવ્યા બાદ ગાડીની આસપાસ શોધખોળ કર્યા બાદ પણ ન મળતા આખરે આજે અડાલજ પોલીસ મથકમાં ગાડીની ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે.

# સે-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે ગણેશોત્સવ

**પર્યાવરણને નુકશાન ન થાય તેની ખાસ કાળજી રાખીને ઈકો ફ્રેન્ડલી મૂર્તિ લાવવામાં આવી છે, જયારે કુંડ બનાવી તે સ્થળે જ ભકતો દ્વારા મૂર્તિ વિસર્જન**

શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ, સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ તથા થનગનાટ આર્ટ એન્ડ કલ્ચર દ્વારા શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન સેકટર-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે કરવામાં આવ્યું છે. દસ દિવસીય ગણેશ મહોત્સવમાં પૂજા-અર્ચના સહિત દરરોજ રાત્રે વિવિધ સાંસ્કૃતિક તેમજ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં ખાસ પર્યાવરણને અનુલક્ષી ભકતો દ્વારા સાડાચાર ફુટની શ્રી ગણેશની મૂર્તિ લાવવામાં આવી છે. જયારે આયોજન સ્થળ પર જ કુંડ તૈયાર કરીને વિસર્જન કરવામાં આવશે.

ગાંધીનગર શહેરના સેકટર-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે આયોજીત ગણેશ મહોત્સવમાં તા.૫ ના રોજ શોભાયાત્રા સવારે ૯ કલાકે જયેશ પ્રજાપિતના નિવાસ સ્થાનેથી નીકળી ભુવનેશ્વર મંદિર પહોંચશે. દરરોજ સવારે ૮ કલાકે તેમજ રાત્રે ૮ કલાકે આરતી કરાશે. ત્યારબાદ રાત્રે ૮.૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેમાં તા.૫ ના રોજ રાજભા ગઢવી, ઘનશ્યામ ગઢવી તેમજ આઝાદ ગોહીલ દ્વારા લોક ડાયરો, તા.૬ ના રોજ જીતુભાઈ દ્વારકાવાળાનો હાસ્ય દરબાર યોજાશે. તા.૭ ના રોજ લાઈવ ઓરકેસ્ટ્રા સંગીતનો રંગારંગ કાર્યક્રમ, તા.૮ ના રોજ નિલેશ મિસ્ત્રી અને જોલીનો જાદુનો જલસો, તા.૯ ના રોજ ફુલ્લી કોમેડી નાટક શ્રીમાન-શ્રીમતી યોજાશે. તા.૧૦ ના રોજ દેવાંગી પટેલ અને પરેશ સોલંકી દ્વારા રાસગરબાની રમઝટ બોલાવશે, તા.૧૧ ના રોજ શહેરના ડાન્સ કલાસીસ તેમજ શાળાઓના વિદ્યાર્થી વચ્ચે ડાન્સ કોમ્પીટીશન યોજાશે, તા.૧૨ ના રોજ કોમેડી નાટક પ્રિત, પિયુ અને પાનેતર યોજાશે, તા.૧૩ ના રોજ વિખ્યાત લોક સાહિત્યકાર અને હાસ્ય કલાકાર માયાભાઈ આહીર ડાયરાની જમાવટ કરશે. જયારે તા.૧૪ ના રોજ હાસ્યના બેતાજ બાદશાહ સાંઈરામ દવેનો હાસ્ય દરબાર ભરાશે જેમાં ભકતો હસીને લોટપોટ થઈ જશે. તા.૧૫ ના રોજ ગણેશયાગ અને ત્યારબાદ તૈયાર કરવામાં આવેલા પાણીના કુંડમાં શ્રી ગણેશજીની ઈકો ફ્રેન્ડ્લી મૂર્તિનું વિસર્જન કરવામાં આવશે. આ દસ દિવસીય ગણેશ મહોત્સવમાં ગાંધીનગર શહેરની સૌ ધર્મપ્રેમી જનતાને લાભ લેવા કાર્યકર્તા સંદિપ જોશી, કૃષ્ણરાજસિંહ સિસોદીયા અને પ્રજ્ઞેશ પંડયા દ્વારા અનુરોધ કરાયો છે. જયારે આ કાર્યક્રમમાં શહેરના ધારાસભ્ય, મેયર, ગુડા ચેરમેન, મનપાના કોર્પોરેટર, બંન્ને રાજકીય પાર્ટીના આગેવાનો, વેપારીઓ, સામાજીક તેમજ સ્વૈચ્છીક સંસ્થાના હોદેદારો સહિત સાધુ-સંતો હાજર મોટીસંખ્યામાં હાજર રહેશે.

# એસ.ટી. ડેપો પાસેથી ત્રણ પાકીટ ચોર ઝડપાયા

**માણસાની બસમાં ચઢતા મુસાફરના ખિસ્સામાંથી સાણંદના ત્રણ શખ્સોએ પાકીટ સેરવી લીધું હતું : ત્રણેયની ધરપકડ**


ગાંધીનગર, તા.૩

ગાંધીનગર એસ.ટી. ડેપોમાંથી એક મુસાફરના ખિસ્સામાંથી પાકીટ સેરવી લેવાયુ હોવાની ઘટના ગઈ બપોરે બનવા પામી હતી. બપોરના અરસામાં સે-૭ પોલીસ મથકની ડીસ્ટાફ ટીમે ડેપો નજીકથી ત્રણ શકમંદોને પકડી ઈન્ટ્રોગેશન કરતાં મુસાફરનું પાકીટ તેમણે ચોર્યુ હોવાની કબુલાત કરી ચોરાયેલું પાકીટ પણ પોલીસને આપ્યું હતું. પોલીસે મુદ્દામાલ રીકવર કરી ત્રણેયની ધરપકડ કર લઈ વધુ પુછતાછ શરુ કરી છે.

મળતી વિગત મુજબ ગઈ કાલે બપોરે એક વાગ્યાના અરસામાં વિહાભાઈ ભીખાભાઈ રાવળ ગાંધીનગર એસ.ટી.ડેપો ખાતે બસની રાહ જોઈને ઉભા હતાં. દરમિયાન માણસા જતી બસ આવી જતા તેઓ ધક્કામુક્કીમાં બસમાં ચઢયા હતા તે વખતે તેમના ખિસ્સામાંથી પાકીટ કોઈ શખ્સોએ સેરવી લીધું હતું. બસમાંથી ઉતરીને વિહાભાઈએ સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. વાઘબકરી ચાની કોથળીમાં મુકેલા પાકીટમાં રૂ. ૮૦૦ હતા. આ દરમિયાન સે-૭ પોલીસ મથકના પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા તેમની ટીમ પેટ્રોલીગમાં હતા ત્યારે ડેપો નજીકથી ત્રણ શંકાસ્પદ યુવાનોને પકડી પુછપરછ શરુ કરી હતી. સાણંદ વિસ્તારના ચતુર લલ્લુ દંતાણી, કરણ રમેશ દંતાણી અને રાજુ નાનજી દંતાણીની પુછપરછ કરતા તે ત્રણેયે મળીને ડેપોમાંથી મુસાફરનું પાકીટ ચોર્યું હોવાની કબુલાત કરી હતી. તે પાકીટ રીકવર કરી વિહાજીને બતાવતા તેમનું જ હોવાનું ખુલ્યું હતું. ત્રણેયની ધરપકડ કરીને અગાઉ કેટલીવાર આ પ્રકારના ગુનાઓ આચર્યા છે તે સહિતની પુછપરછ શરુ કરી છે.



સે-૮ બી ખાતે વૃક્ષોના ટ્રીમીંગ બાદ કચરો માર્ગ વચ્ચે ખડકી દેવાતા વાહન ચાલકો માટે અવરોધ ઉભો થયો છે. જેના કારણે સેકટરવાસીઓને હાલાકી વેઠવી પડી રહી છે.




સેવાની મૂર્તિ તરીકે પ્રખ્યાત એવા મધર ટેરેસાને કોણ નથી ઓળખતું? આ મહાન આત્માને તા. ૪ સપ્ટેમ્બરના રોજ વેટીકન રોમ ખાતે સંત તરીકે જાહેર કરવામાં આવનાર છે. આ આનંદના દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ સ્કૂલના પ્રાથમિક વિભાગમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મધર અને ચાઈલ્ડ વિષય ઉપર સ્પર્ધા યોજાઈ હતી. આ ઉપરાંત હાઈસ્કૂલ વિભાગમાં મધર ટેરેસાને ધ્યાનમાં રાખી રંગોળી સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ બંને સ્પર્ધાઓમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# એએસઆઈના આપઘાતના દુષ્પ્રેરણ બદલ ત્રણ સહકર્મી સામે ગુના દાખલ

શહેરના સેકટર-૨૧ ખાતે પોતાના ઘરમાં જ ટ્રાફીક શાખાના એએસઆઈએ એસિડ ગટગટાવી લઈ આપઘાત કરી લીધો હતો. મૃતદેહ નજીકથી ત્રણ સહકર્મીના ત્રાસથી પગલુ ભર્યુ હોવાના લખાણ વાળી એક ચિઠ્ઠી મળી આવી હતી. જે આધારે મૃતકની પત્નિએ ત્રણેય સામે ફરિયાદ આપતા સે-૨૧ પોલીસે આપઘાતના દુષ્પ્રેરણ બદલ એક એએસઆઈ અને બે ડ્રાઈવર સહિત ત્રણ સામે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

સેકટર-૨૧ છ ટાઈપ ખાતે સરકારી આવાસમાં રહેતા અને ગાંધીનગર ટ્રાફીક શાખામાં ફરજ બજાવતા એએસઆઈ ડાહ્યાભાઈ સોમાભાઈ પરમારે ચાર દિવસ પહેલા પોતાના ઘરે જ એસીડ પી લઈને આપઘાત કરી લીધો હતો. તેમના રૂમમાંથી એક ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં ઉલ્લેખ કરેલો હતો કે એક એએસઆઈ કાળુસિંહ અને બે ડ્રાઈવર મોરભાઈ તથા જશવંતભાઈના કારણે આ અંતિમ પગલુ ભર્યું છે. આ ચિઠ્ઠીના આધારે ગઈ કાલે મૃતકના પત્નિ વર્ષાબેને સે-૨૧ પોલીસ મથકમાં આપઘાત માટે પોતાના પતિને મજબુર કરનાર ત્રણેય સહકર્મીઓ સામે ફરિયાદ નોંધાવી છે. વર્ષાબેનની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે એએસઆઈ કાળુસિંહ, ડ્રાઈવર મોરભાઈ અને ડ્રાઈવર જશવંતભાઈ ત્રણેય સામે આઈપીસી કલમ ૩૦૬, ૧૧૪ અને એટ્રોસીટી એકટ હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી આરંભી છે. જો કે હજુ સુધી નોકરી દરમિયાન સહકર્મીઓ કેવા પ્રકારની હેરાનગતિ કરતા હતા જેનાથી એએસઆઈ ત્રાસી ગયા અને આ પગલુ ભર્યું તે બાબત સ્પષ્ટ થઈ નથી.

# સેકટર-૩-ડી યુવક મિત્ર મંડળ દ્વારા ગણેશ મહોત્સવ-૨૦૧૬નું આયોજન

**ગણેશ ચતુર્થીએ સવારે શોભાયાત્રાથી પ્રારંભ થશે : સોમવારે પ્રથમ રાત્રિએ ગોલ્ડન ચીયર્સ ગરબાની રમઝટ જમાવશે : તા. ૧૧મી સપ્ટેમ્બર રવિવારે વિસર્જન સાથે સમાપન કરાશે**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં ગણેશોત્સવ અત્યંત હર્ષોલ્લાસ સાથે ધામધૂમથી ઉજવાય છે. વિવિધ યુવક મંડળો અંતર્ગત શહેરના યુવાનો આ ઉત્સવના આયોજનો હાથ ધરી યુવા શકિતનો પરિચય કરાવે છે. શહેરના સે-૩-ડી ખાતે પણ દર વર્ષે સાર્વજનિક ગણેશ મહોત્સવ યોજવામાં આવે છે. આ વર્ષે પણ અહીં ગણેશ મહોત્સવ ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવ્યા છે.

સેકટર-૩-ડી યુવક મિત્ર મંડળ દ્વારા ગણેશ ચોક ખાતે તા. ૫મી સપ્ટેમ્બર સોમવારે સવારે ૧૦ કલાકે શોત્રાયાત્રાથી ગણેશ મહોત્સવ ૨૦૧૬નો પ્રારંભ થશે જે તા. ૧૧મી સપ્ટેમ્બરે રવિવારે સવારે ૧૦ કલાકે ગણેસ વિસર્જન દ્વારા સમાપન પામશે. આ મહોત્સવ દરમિયાન દરરોજ સવાર-સાંજ ૮ કલાકે આરતી કરાશે. આ ઉપરાંત આરતી બાદ વિવિધ સાંસ્કૃતિક તથા મનોરંજક કાર્યક્રમો યોજાશે. પ્રથમ દિવસે સોમવારે સુપ્રસિધ્ધ ગોલ્ડન ચીયર્સ ગૃપ દ્વારા ગરબાની રમઝટ જમાવાશે. તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર મંગળવારે સંજયભારતી ગોસ્વામી દ્વારા સુંદરકાંડના પાઠ, તા. ૭મી સપ્ટેમ્બર બુધવારે નાના ડેરાના દેવરાજ ગઢવીનો રંગ કસુંબલ ડાયરો, તા. ૮મી સપ્ટેમ્બર ગુરુવારે સારવાઝ બેન્ડ નીરવ ઠકકર એન્ડ ગૃપ દ્વારા મ્યુઝીકલ નાઈટ, તા. ૯મી સપ્ટેમ્બર શુક્રવારે દિનકરરાવ દમલા લિખિત તથા વસંત પરમાર દિગ્દર્શિત નાટક 'કાનમાં કહું તું મારી વહુ' અને તા. ૧૦મી સપ્ટેમ્બર શનિવારે ચંદન યોગીરાજ મ્યુઝીકલ ગૃપ દ્વારા રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે. તા. ૧૧મી સપ્ટેમ્બર રવિવારે સવારે ૧૦ કલાકે ગણેશ વિસર્જન યોજવામાં આવશે. સે-૩-ડી ગણેશ મહોત્સવ ૨૧૬માં દર વર્ષે મોટી સંખ્યામાં ભાવિક શ્રધ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડે છે.

## ચિરવિદાય

- સ્વ. મધુબેન કાન્તિલાલ ચૌહાણ, ઉ.વ. ૭૮
- સ્વ. સિંઘ કિરણબેન સુર્યનાથજી, ઉ.વ. ૬૨

# શહેરમાં જીઓ કાર્ડના વેચાણમાં લોલમલોલ

**કંપનીના અણઘડ આયોજનથી ગ્રાહકોમાં અફડાતફડી, કાળા બજારીયાઓની ઉઘાડી લુંટ, કાર્ડના એકટીવેશના ધાંધીયા**

ગાંધીનગર, તા.૩

દેશમાં 'જિયો ૪જી' સેવાના રીલાયન્સ કંપનીના પ્રમોશન સંદર્ભે પદાર્પણ પહેલા જ ગ્રાહકોને નિઃશુલ્ક કાર્ડ આપવાની શરૂઆત કરી દીધી હતી. જેમાં ગાંધીનગર શહેરમાં કંપનીએ નિયત કરેલા સ્થળેથી આ કાર્ડ દસ્તાવેજી પુરાવા રજુ કરેથી પ્રાપ્ત થતા હતા.પરંતુ કંપનીના અણઘડ આયોજનથી ગ્રાહકોને સમયસર કાર્ડ ઉપલબ્ધ ન બનતાં જે તે સ્થળોએ હલ્લાબોલ થવા લાગ્યું છે. વધુમાં આ કાર્ડ કાળા બજારમાં નાણાં ચુકવેથી સરળતાથી પ્રાપ્ત થવા લાગ્યા છે. જો કે ઈસ્યુ થયેલા 'જિયો ૪જી'ના કાર્ડ ત્રણ દિવસ પછી પણ એકટીવ ન થતાં ગ્રાહકોમાં આક્રોશ ફેલાયો છે અને કંપનીના હેલ્પલાઈન નંબર ઉપરથી મદદ પણ મળી રહી નથી જેથી શહેરમાં 'જિયો ૪જી'નું પ્રથમ ગ્રાસે મક્ષીકા જેવા હાલ થયા છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ દેશભરમાં 'જિયો ૪જી' સેવા ૫મી સપ્ટેમ્બરથી શરૂ કરવાની જાહેરાત કંપનીની જનરલ મિટીંગમાં કરી છે. પરંતુ કંપની દ્વારા એકમાસ અગાઉથી જ પ્રમોશનના હેતુથી ગ્રાહકોને નિઃશુલ્ક કાર્ડ આપવાનું શરૂ કરી દીધેલ છે. ૩૧ ડિસેમ્બર સુધી આ કાર્ડમાં તમામ સેવાઓ અમર્યાદિત વપરાશનો અવકાશ પૂરો પાડતા ગ્રાહકો મોટી સંખ્યામાં કંપનીના સ્ટોર ઉપર વહેલી સવારથી જ ઉમટી પડવા લાગે છે. મર્યાદિત સ્ટોકમાં કાર્ડ હોવાથી અમુક ગ્રાહકોને જ આ લાભ મળી રહેતો હતો. જેથી અન્ય ગ્રાહકોમાં નારાજગી સાથે આક્રોશ જોવા મળી રહ્યો છે. વધુમાં શહેરમાં આ કાર્ડ




અન્ય સ્થળોએ રૂ. ૧૮ થી રૂ. ૨૦૦માં કાળાબજારમાં સરળતાથી મળતા હોવાનું બહાર આવ્યું છે અને ઈસ્યુ થયેલા કાર્ડમાં બે થી ત્રણ દિવસ સુધી એકટીવ પણ થતાં નથી જેથી ગ્રાહકોમાં કંપનીની નિતી રીતી સામે રોષ ફેલાયો છે. આયોજન વગર અને સુચારૂ વ્યવસ્થાના અભાવે 'જિયો ૪જી' કાર્ડના કારણે ગ્રાહકોમાં અફડા તફડી મચી રહી છે.

'જિયો ૪જી' ટેલિકોમ ક્ષેત્રે નવી ક્રાંતિના એંધાણ આપી રહ્યું છે. પરંતુ હજુ લોન્ચીંગ પહેલા જ કંપનીની ચોકકસતા દેખાતી નથી અને 'જિઓ ૪જી' અંગે ફરિયાદ કે તે સંબંધી પૂછપરછ માટે ગ્રાહકો અંધારામાં જ ફાંફાં મારી રહ્યા છે. જેથી કંપની દરેક શહેરમાં પૂરતો સ્ટોક ઉપલબ્ધ કરાવે અને ત્વરીત તેનું એકટીવેશન થાય તે માટે જરૂરી પગલાં લે તે ઈચ્છનીય બન્યું છે. રીલાયન્સની આ સેવાને સૌ કોઈએ ઉમળકાભેર આવકારી છે. પરંતુ કંપનીના અધિકારીઓ આ અંગે ચોકકસ માર્ગદર્શિકા અને સમીક્ષાનું આયોજન કરે તો જ સફળતાને પામી શકાશે તેવું ગ્રાહકો ચર્ચી રહ્યા છે.